RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"


www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 12 * Date: 31.10.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-



પી.એમ. કિસાનના ૨૪મા હપ્તાનું સ્વાગત, કેન્દ્ર સરકાર અને વડાપ્રધાનશ્રીનો આભાર માનતા કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરા



ગાંધીનગરઃ

ભારતીય જનતા પાર્ટી, કિસાન મોરચાની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે આયોજિત 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો અર્પણ કર્યો હતો. આ અંતર્ગત દેશના લગભગ ૯.૩૪ કરોડ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડ્બ્ટ) મારફતે રૂ. ૧૮,૬૯૦ કરોડથી વધુની આર્થિક સહાય સીધી જમા કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના લગભગ ૫૨.૩૩ લાખ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાયનો લાભ મળ્યો હતો. ભારતીય જનતા પાર્ટી, કિસાન મોરચાએ આ પ્રસંગનું સ્વાગત કરીને વડાપ્રધાનશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

આ સંદર્ભે, ભારતીય જનતા પાર્ટી, કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાએ કહ્યું કે, ગુજરાતની પાવન ધરતી પરથી દેશના કરોડો અન્નદાતાઓને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની સહાય અર્પણ થવી, એ વિશેષ મહત્વનો પ્રસંગ છે. ખેડૂતના ખાતામાં સીધી સહાય એ માત્ર આર્થિક ટેકો નહીં, પરંતુ દેશના અન્નદાતાના પરિશ્રમ પ્રત્યેનું સન્માન છે. આપણા ભાણામાં અન્ન પહોંચે તે માટે રાત-દિવસ પરિશ્રમ કરતા ખેડૂતોને નિયમિત આર્થિક સહાય ઉપલબ્ધ કરાવતી આ યોજનાના ૨૪મા હપ્તાનું ભારતીય જનતા પાર્ટી, કિસાન મોરચો સ્વાગત કરે છે.

શ્રી હિરપરાએ કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પાત્ર ખેડૂત પરિવારોને દર વર્ષે રૂ. ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં સીધી તેમના બેંક ખાતામાં આપવામાં આવે છે. અગાઉના ૨૩ હપ્તાઓમાં દેશભરના ખેડૂતોને કુલ લગભગ રૂ. ૪.૪૭ લાખ કરોડથી વધુની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતના લાભાર્થી ખેડૂતોને પણ અગાઉના હપ્તાઓમાં લગભગ રૂ. ૨૪,૧૩૭ કરોડની સહાય આપવામાં આવી છે. આ યોજના પાત્ર ખેડૂત પરિવારોને, અને ખાસ કરીને નાના ખેડૂત પરિવારોને ખેતી સંબંધિત ખર્ચ અને અન્ય જરૂરિયાતો પૂરી કરવામાં નિયમિત આર્થિક આધાર પૂરો પાડે છે.

શ્રી હિરપરાએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ પોતાના સંબોધનમાં નાના ખેડૂતોની જરૂરિયાતો, ખેતીનો ખર્ચ ઘટાડવા, પાક વીમા, સૌરઊર્જા આધારિત સિંચાઈ અને પશુપાલકોની આવક વધારવા જેવા મહત્વપૂર્ણ વિષયોનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રયાસોથી ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડવામાં, પાકના જોખમ સામે આર્થિક સુરક્ષા વધારવામાં, સિંચાઈ ખર્ચમાં બચત કરવામાં તથા પશુપાલકો માટે આવકના વધારાના સ્ત્રોત ઊભા કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું કે, "ખેતીનો ખર્ચ ઘટે, ઉત્પાદનનું મૂલ્ય વધે અને ખેડૂતની આવક વધે, એ જ ખેડૂત કલ્યાણની સાચી દિશા છે."

શ્રી હિરપરાએ જણાવ્યું કે, બનાસકાંઠાના ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ પણ પશુપાલન ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ પહેલ છે. આ કેન્દ્ર દ્વારા કાંકરેજ, ગીર સહિતની દેશી ગાયોની ઓલાદના સંરક્ષણ અને વૈજ્ઞાનિક પ્રજનનને પ્રોત્સાહન મળશે. આ કેન્દ્ર દ્વારા દેશી પશુઓની ઓલાદની ગુણવત્તા સુધારવા, દૂધ ઉત્પાદનની ક્ષમતા વધારવા અને પશુપાલકોની આવકમાં વૃદ્ધિ કરવાની નવી તકો ઊભી થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, કૃષિ માળખાકીય ભંડોળ અંતર્ગત લગભગ રૂ. ૪,૯૫૦ કરોડના ખર્ચે વિકસિત ૫૨૧ પ્રકલ્પો રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે. તેમાં કોલ્ડ સ્ટોરેજ, ગોડાઉન, કૃષિ પેદાશોના સંગ્રહ અને પ્રક્રિયા સંબંધિત સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લગભગ ૧.૪૬ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેતા ૧૨ બાગાયત ક્લસ્ટર અંતર્ગત કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેનાથી ભવિષ્યમાં ૧.૩૦ લાખથી વધુ ખેડૂતોને લાભ મળશે. ઉત્તર ગુજરાતમાં બટાટાની ખેતી માટેના બે ક્લસ્ટર બનાસકાંઠા અને સાબરકાંઠાના ખેડૂતો માટે મહત્વપૂર્ણ બની રહેશે.

બનાસ ડેરીના બટાટા પ્રોસેસિંગ પ્લાન્ટના વિસ્તરણ, આધુનિક સંગ્રહ સુવિધા તથા થરાદ અને રાધનપુર ખાતે બાયો-ઝ્રદ્ય પ્લાન્ટના શિલાન્યાસને પણ કિસાન મોરચાએ આવકાર્યા છે. આ પ્રકલ્પો દ્વારા કૃષિ પેદાશોના મૂલ્યવર્ધન, પશુધનના છાણના ઉપયોગ અને ગ્રામ્ય અર્થતંત્રમાં આવકના નવા સ્ત્રોત ઊભા કરવાની દિશામાં કામગીરી આગળ વધશે.

અંતમાં શ્રી હિરેન હિરપરાએ કહ્યું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ખેડૂત અને પશુપાલક કલ્યાણ માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. સમૃદ્ધ ખેડૂતથી સમૃદ્ધ ગામડું અને સમૃદ્ધ ગામડાંથી વિકસિત ભારતનું નિર્માણ થશે. પી.એમ. કિસાનનો ૨૪મો હપ્તો ગુજરાતની ધરતી પરથી અર્પણ કરવા બદલ ભારતીય જનતા પાર્ટી, કિસાન મોરચો વડાપ્રધાનશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે અને લાભાર્થી ખેડૂત પરિવારોને શુભેચ્છાઓ પાઠવે છે.

"સરદાર એ સરદાર હતા:પદ નહીં, વ્યક્તિત્વ હતું!"(સંત સુરા)

"સરદાર : એક નામ નહીં, એકતાનું નામ છે!"
"લોખંડી નહીં, વજ્ર પુરુષ હતા સરદાર!"
"સરદાર વગર ભારતનો નકશો જ ન હોત!"
"૫૬૨ ટુકડાને એક કરનારો સાંધણહાર!"
"ખિસ્સામાં પત્નીના મૃત્યુનો તાર, ને દિલમાં દેશ!"
"ગાંધીએ આઝાદી અપાવી, સરદારે ભારત બનાવ્યું!"
"સરદાર એ સરદાર હતા!"
"સરદાર એ સરદાર હતા: પદ નહીં, વ્યક્તિત્વ હતું!"

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧ મી જન્મ જયંતિ એટલે માત્ર એક ઉજવણી નથી, એ ભારતના આત્માને યાદ કરવાનો દિવસ છે. ગાંધી વગર આઝાદીની કલ્પના ન થઈ શકત, પણ સરદાર વગર આઝાદ ભારતની કલ્પના ન થઈ શકત.

૧. પત્નીના અવસાનનો તાર - કર્તવ્ય એ જ ધર્મ

વર્ષ ૧૯૦૯. વલ્લભભાઈ બોરસદમાં વકીલાત કરે છે. યુવાન વય, નવો સંસાર. પત્ની મણીબા મુંબઈમાં ગંભીર બીમાર છે. કોર્ટમાં ખૂન કેસની ઉલટતપાસ ચાલી રહી છે. પટાવાળો આવીને તાર આપે છે. વલ્લભભાઈ તાર વાંચે છે - "મણીબાનું અવસાન થયું છે."

આપણે હોઈએ તો શું કરીએ? રડીએ, પડીએ, કોર્ટ છોડીને દોડીએ. સરદારે તારની ઘડી વાળીને ખિસ્સામાં મૂક્યો. બે કલાક સુધી દલીલ કરી. અસીલ નિર્દોષ છૂટે તેની પૂરી તાકાત લગાવી. કેસ પૂરો થયો. ન્યાયાધીશે ચુકાદો આપ્યો. પછી પોતાના સાથી વકીલને કહ્યું - "મારા ઘરે અશુભ સમાચાર છે, મારે જવું પડશે."
આ કઠોરતા ન હતી, આ કર્તવ્ય પ્રત્યેની પવિત્રતા હતી. જે માણસ પોતાની પત્નીના મૃત્યુના સમાચારને પણ કર્તવ્ય આડે ન આવવા દે, એ માણસ જ ૫૬૨ રજવાડાને દેશમાં ભેળવી શકે.

૨. ગુમડું સળિયાથી ડામવું - સહનશક્તિની પરાકાષ્ઠા

સરદારને ગુમડું થયું. વારંવાર પરુ થાય. ડોક્ટરે કહ્યું ઓપરેશન નાનું છે પણ બેભાન કરવું પડશે. સરદાર હસ્યા. કહે - "આટલા માટે બેભાન થવાનું? લાવો સળિયો ગરમ કરીને."

ડોક્ટર ગભરાયો. લોખંડનો સળિયો લાલચોળ ગરમ કર્યો. સરદાર ખુરશીમાં બેઠા. ડોક્ટરે ગુમડા પર સળિયો દબાવ્યો. ચર...૨૨... અવાજ સાથે ચામડી બળી. ઓરડામાં બળેલી ચામડીની વાસ. પણ સરદારના મોઢા પર એક કરચલી નહીં. બીજા દિવસે એ જ તાકાતથી બારડોલી સત્યાગ્રહની યોજના બનાવી.

આજે નાનો તાવ આવે તો સોશિયલ મીડિયા પર સ્ટેટસ મૂકનારા નેતાઓએ આ ઘટનામાંથી શીખવા જેવું છે. શરીર બળે તોય મન ન બળે તેનું નામ સરદાર.

૩. બારડોલી - સરદાર નામ ક્યાંથી પડ્યું?

સરદાર જન્મથી સરદાર ન હતા. એ વલ્લભભાઈ હતા. ૧૯૨૮ માં બારડોલીમાં ખેડૂતો પર અંગ્રેજોએ ૩૦% મહેસૂલ વધાર્યું. ગાંધીજીએ કહ્યું - આ લડત કોણ લડશે? વલ્લભભાઈએ બીડું ઝડપ્યું.

તેમણે ખેડૂતોને કહ્યું - "તમારી જમીન જશે, ઘર જશે, તોય ડરશો નહીં." સરકારે જમી કરી, ભેંસો ખોલી ગયા, ઘરના નળિયા ઉતારી ગયા. સરદારે દરેક ગામમાં વ્યવસ્થા કરી - જેની જમીન જપ્ત થાય તેને બીજા ખેડૂતો સાચવશે. અંતે અંગ્રેજોએ નમતું મૂક્યું. ત્યાંની મહિલાઓએ કહ્યું - આ તો અમારા સરદાર છે. ત્યારથી વલ્લભભાઈ, સરદાર બન્યા.

૪. ૫૬૨ રજવાડાનું એકીકરણ - સાચો ચાણક્ય

આઝાદી મળી ત્યારે ભારતનો નકશો કટકા જેવો હતો. હૈદરાબાદનો નિઝામ કહે હું પાકિસ્તાનમાં જઈશ. જુનાગઢનો નવાબ કહે હું પાકિસ્તાન. ભોપાલ, ત્રાવણકોર બધા સ્વતંત્ર થવાના સપના જોતા હતા. નહેરુ કહેતા હતા સમજાવો. સરદારે વી.પી. મેનનને બોલાવ્યા. એક ખાલી કાગળ અને સૈન્યનો નકશો. કહ્યું - "પહેલા પ્રેમથી, ન માને તો પોલીસ એક્શનથી."

જુનાગઢમાં સેના મોકલી, જનમત લીધો, ૯૯% લોકોએ ભારત કહ્યું. હૈદરાબાદમાં ઓપરેશન પોલો કર્યું. ૧૩ સપ્ટેમ્બર ૧૯૪૮, પાંચ દિવસમાં નિઝામની ૨ લાખની રઝાકાર સેના પડી ભાંગી. સરદાર કોઈ હિંસાના હિમાયતી ન હતા, પણ રાષ્ટ્રહિતમાં કઠોર બનવું પડે તો બન્યા.

એક બીજી વાત - લક્ષદ્વીપ. ૧૯૪૭ માં લગભગ પાકિસ્તાન લઈ જતું હતું. સરદારે તરત જ નૌકાદળ મોકલી ત્રિરંગો ફરકાવી દીધો.

૫. સરદાર એ સરદાર હતા - કારણ કે તે કોઈના ન હતા, બધાના હતા

સરદાર કોંગ્રેસમાં હતા, પણ કોંગ્રેસી ન હતા. તે ગાંધીવાદી હતા, પણ આંધળા ન હતા. ગાંધીજીએ નહેરુને વડાપ્રધાન બનાવ્યા, સરદારે દેશને એક રાખ્યો. તેમને વડાપ્રધાન પદ મળ્યું નહીં, પણ તેમણે ક્યારેય ખુરશી માટે લડાઈ ન કરી.

તેમનું ઘર - ૧, ઔરંગઝેબ રોડ, દિલ્હી. આજે તેમની પુત્રી મણીબેન પટેલના નામે એક ખાતું હતું, જેમાં કુલ ૨૬૦ રૂપિયા હતા. દેશના નાયબ વડાપ્રધાન, ગૃહમંત્રી પાસે પોતાનું ઘર નહીં, બેંક બેલેન્સ નહીં.

આજે જ્યારે નેતાઓ પોતાના વિસ્તાર, પોતાની જ્ઞાતિ, પોતાના પક્ષ માટે જીવે છે, ત્યારે સરદાર યાદ આવે છે. એ પટેલ હતા, પણ માત્ર પટેલોના નહીં. એ ગુજરાતી હતા, પણ માત્ર ગુજરાતના નહીં. એ હિંદુ હતા, પણ હિંદુ-મુસ્લિમ બધાને સાથે રાખીને હૈદરાબાદને જીતનારા હતા.

એટલે જ કહેવત છે - "ગાંધી વગર આઝાદી અધૂરી, સરદાર વગર આઝાદી અધૂરી રહેત."

૧૫૧ વર્ષ પછી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી માત્ર મૂર્તિ નથી, એ ચેતવણી છે - જો તમે એક નહીં રહો, તો તમારું અસ્તિત્વ નહીં રહે. સરદાર ગયા નથી, સરદાર દરેક ભારતીયની એકતામાં જીવે છે!જય સરદાર, જય ભારત!

★લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

(વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનાસકાંઠા માં આગમન કરે તેના એક દિવસ પહેલા ખેડૂત આગેવાનો ની ઘરપકડ કરતી પોલીસ - પ્રદેશ મહામંત્રી વી.કે.કાગ)



વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત ના બનાસકાંઠા જિલ્લાના ? પ્રવાસે આવે તે પહેલા રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા ના કાર્યકર્તાઓ નજરકેદ કરાયા - દોલાભાઇ ખાગડા

દેશ ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બનાસકાંઠા માં નવનિર્મિત ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (ખ્મ્ઈઝ)નું લોકાર્પણ કરવામાં આવનાર છે.તેથી રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જીલ્લા દ્વારા
(૧) બનાસકાંઠા જીલ્લા અને વાવ-થરાદ જીલ્લા ને સંપૂર્ણ દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરવા ની માંગણી.
(૨) ચાલુ વર્ષે દુષ્કાળની સ્થિતિ હોય તો પશુપાલકો માટે ઘાસચારા ની વ્યવસ્થા કરવામાં ની માંગણી.
(૩) દુષ્કાળ પડ્યો હોય તો ખેડૂતો ના સંપુર્ણ દેવા માફ કરવા ની માંગણી.
(૪) દુષ્કાળ જેવી ભયંકર પરીસ્થિતી નો કાયમી ઉકેલ માટે બનાસકાંઠા જિલ્લામાં ધરોઈ ડેમ માંથી નહેર મારફતે મુકતેશ્વર ડેમ માંથી દાંતીવાડા અને સીપુ ડેમમાં પાણી નાખી બનાસ અને રેલ નદી જીવંત કરવા ની માંગણી.
(૫) ધાનેરા શહેર ની પશ્ચિમ દિશામાં આવેલ રેલ્વે સ્ટેશન ની બાજુ આવેલ ખેડૂતો ના ખેતર માં જવા માટે નો રસ્તો કાયમી ધોરણે કાયદા મુજબ આપવા માગણી.


આ તમામ માંગણી સાથે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ ને રુબરુ મળી આવેદનપત્ર આપવાનું રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જિલ્લાના દ્વારા આયોજન કરવામાં આવેલ હતું પરંતુ આવેદનપત્ર આપવામાં આવે તે પહેલાં તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ના રાષ્ટ્રીય કિસાન સંગઠન ગુજરાત પ્રદેશ વી.કે.કાગ, પ્રદેશ મહામંત્રી રામસિંહ ગોહિલ, જીલ્લા પ્રમુખ દોલાભાઈ ખાગડા, જીલ્લા મહામંત્રી ભરતભાઈ કરેણ, ધાનેરા તાલુકા પ્રમુખ શંકરભાઈ વાગડા, થરાદ તાલુકા પ્રમુખ કાન્તિલાલ માળી, દિયોદર તાલુકા પ્રમુખ મફતલાલ પટેલ, દાંતીવાડા તાલુકા રમેશભાઈ પટેલ, વડગામ તાલુકા પ્રમુખ લક્ષ્મણભાઈ ચૌધરી, ડીસા તાલુકા પ્રમુખ મોહનભાઈ પટેલ લાખણી તાલુકા પ્રમુખ રમેશભાઈ ચૌધરી,વાવ તાલુકા પ્રમુખ આઈ.વી.ગોહીલ તેમજ જીલ્લા ઉપ પ્રમુખ જુવાનસિંહ હડિયોલ, રેવાભાઈ પરમાર તથા મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી ભારતીય કિસાન સંઘ ધાનેરા તાલુકા પ્રમુખ વીરમાભાઈ પટેલ, મંત્રી ખેંગારભાઈ રબારી, દિયોદર તાલુકા ના ખેડુત આગેવાન અમરાભાઈ ચૌધરી,વાઘાભાઈ ચૌધરી, કલ્યાણભાઈ ચૌધરી સહિતના આગેવાનો હોદેદારો ની બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક ના આદેશ મુજબ અટક કરી નજર કેદ કરવામાં આવેલ છે અને ખેડૂતો ના હીત માં આપવામાં આવતું આવેદનપત્ર પત્ર આપવા દેવા દીધું નહિ જે ખેડૂતો ના અધિકાર ને નુકસાન થયું છે

વધુ માં પ્રદેશ મહામંત્રી વી.કે.કાગ , રામસિંહ ગોહિલ જીલ્લા પ્રમુખ દોલાભાઈ ખાગડા, જીલ્લા મહામંત્રી ભરતભાઈ કરેણ સંયુક્ત નિવેદન આપી જણાવ્યું છે કે સરકાર તાયફો કરી રહી છે અને બનાસ ડેરી પશુ પાલકો ના કરોડો રૂપિયા નું નુકસાન કરી માત્ર મોદી વ્હાલા થવા માટે અને આવનારી વિધાનસભાની ચૂંટણી લક્ષી ખોટા ખર્ચા કરી પશુપાલકો ના નાણાં નો ધુમાડો કરી રહ્યા છે





ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO :153
વિષયઃ"પ્રગતિની આડમાં પ્રકૃતિ નું પતન"
શીર્ષકઃ"કહેવાતી પ્રગતિ આજ નાં સમય ની અધોગતિ "
પ્રકારઃગદ્ય શબ્દોઃ૨૩૩
આપણાં બાપ-દાદા નાં વિચારો ને જુનવાણી કહી ને આપણે આપણી જાતને અવ્વલ નંબર માનીએ છીએ.પોળમાં ક્રિકેટ રમીને ચોકડી નાં નળનું ગળ્યા વગરનું પાણી પીતાં હતા ને કોઈ દિવસ માંદા પડતાં નહોતા.જ્યારે અત્યારે પ્રકૃતિ ની વિરુદ્ધ આર.ઓ. નું પાણી પીને વારંવાર માંદા પડી જઈએ છીએ.પહેલાં સવારે દાદા કહેતા કે દિકરાં બારી-બારણાં ખોલી નાંખ કુદરતી હવા આવે.અત્યારે પપ્પા-મમ્મી પ્રકૃતિ ની વિરુદ્ધ જઈ ને કહે છે કે દિકરા બારી-બારણાં બંધ કર મચ્છરો આવે છે.પહેલાં હ્વૈંછ્ કે છસ્મ્છજ્જીજ્જીછર્દ્ધંઈ ગાડી ચલાવતાં ને બારી ખોલી પ્રકૃતિ એ મોકલેલ કુદરતી પવન ની મોજ લેતાં. હવે ગાડી સ્છર્ઈ્ હોય તો મ્ઈન્ંઉ હ્વૈંય્હ્વૈંરૂ લાગે,હવે હ્વૈંછ કે સ્ઈઇઝઈઢ્ઢઈજ્જી માં પ્રકૃતિ ની વિરુદ્ધ બારેમાસ છઝ ચાલે ને ઈર્સ્ંભરી સમાજ માં વટ્ટ પાડવાનો.પહેલાં બાપ-દિકરો મહેનત કરી ઘરમાં ઘરઘાટી લાવતાં કે જેથી મા ને વહુને મહેનત ઓછી કરવી પડે.જે સવારે છ વાગે ઊઠીને ગાડી સાફ કરે,મોનલ્લગ બ્રેકફાસ્ટ કરાવે, કપડાં-વાસણ,કચરાં-પોતાં ને ઈસ્ત્રી કરે ને બધાં ને સમયસર જમવાં આપે.આજે ઘરઘાટી જુદો,કપડાં-વાસણ વાળો જુદો ,કચરાં-પોતાં વાળો જુદો,ધોબી જુદો.આ બધાનો પગાર કરવાં બાપ-દિકરો દિવસ-રાત એક કરે.આજકાલ મા ને વહુ નોકરોને માથે બેસાડે છે કે કદાચ જતાં રહેશે તો?જ્યારે બાપ ને દિકરો તો ક્યાં જવાનાં છે?
આજે આપણે પ્રગતિ નો ધ્વજ ફરકાવી ને અધોગતિ ને રસ્તે આગળ વધી રહ્યાં છીએ.
જીતેન્દ્ર શાહ "સુકાન્ત " (અમદાવાદ)
★★★★★
NOG SS 321
વિષય. પ્રગતિની આડમાં પ્રકૃતિ નું પતન
પ્રકારઃગદ્ય.શબ્દઃ૨૪૫
શીર્ષક. પ્રકૃતિ નો બચાવ

આધુનિક યુગમાં માનવીએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં અદભુત પ્રગતિ કરી છે. ઊંચી ઈમારતો, વિશાળ રસ્તાઓ, ઉદ્યોગો, વાહનો અને આધુનિક સુવિધાઓએ જીવનને સરળ બનાવ્યું છે. પરંતુ આ પ્રગતિની દોડમાં આપણે પ્રકૃતિને ક્યાંક પાછળ છોડી દીધી છે. વિકાસના નામે વૃક્ષોનું નિકંદન, જંગલોનો નાશ, નદીઓનું પ્રદૂષણ અને જમીનનું અતિશય શોષણ થઈ રહ્યું છે.

પ્રકૃતિ માનવજીવનનો આધાર છે. હવા, પાણી, જમીન અને વૃક્ષો વિના જીવનની કલ્પના પણ અશક્ય છે. છતાં માનવી પોતાના સ્વાર્થ માટે કુદરતી સંપત્તિનો બેફામ ઉપયોગ કરી રહ્યો છે. પરિણામે ગ્લોબલ વૉર્મિંગ, અનિયમિત વરસાદ, પૂર, દુષ્કાળ, ગરમીમાં વધારો અને અનેક કુદરતી આફતોનો સામનો કરવો પડે છે. ઋતુચક્રમાં થતા ફેરફારો એ પ્રકૃતિ દ્વારા મળતી ચેતવણી સમાન છે.

સાચી પ્રગતિ એ નથી કે આપણે પ્રકૃતિને હરાવીને આગળ વધીએ, પરંતુ પ્રકૃતિ સાથે તાલમેલ જાળવીને વિકાસ કરીએ. વિકાસના નામે વૃક્ષો કાપવાને બદલે વધુ વૃક્ષો વાવવાં જોઈએ. પાણીનો બગાડ અટકાવવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને પર્યાવરણને નુકસાન ન થાય તેવી જીવનશૈલી અપનાવવી જોઈએ.

આપણે યાદ રાખવું જોઈએ કે પ્રકૃતિનું સંતુલન બગાડીને મેળવેલી પ્રગતિ લાંબો સમય ટકી શકતી નથી. પ્રકૃતિ આપણને જીવન આપે છે, પરંતુ તેના નિયમોનું ઉલ્લંઘન કરીએ તો તેનું પરિણામ પણ ભોગવવું પડે છે.

આવો, વિકાસની દોડમાં પ્રકૃતિનો હાથ ન છોડીએ, કારણ કે પ્રકૃતિ બચશે તો જ માનવજીવન અને ભવિષ્યની પેઢીઓ સુરક્ષિત રહેશે.
??? સૂચિતા રાવલ
ગાંધીનગર
★★★★★★
Nog Ss No.343
વિષય :- પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ- પ્રકૃતિ પરમેશ્વરની કૃતિ
પ્રકારઃ-; પધ
શબ્દોઃ- ૧૦૦

પરમેશ્વરની જે ઉત્તમ રચના છે,
એ જ તો આ સુંદર પ્રકૃતિ છે,
માનવ તું એને નષ્ટ ન કર,
એ તો વિધાતાની અમૂલ્ય કૃતિ છે,

લીલાં વૃક્ષો ને વહેતી નદીઓ પક્ષીઓ કલરવ ,
ધરતીની મનોહર આકૃતિ છે,
કોંક્રિટનાં જંગલો ઊભાં કરવાં,
એ તો માણસની ઘોર વિકૃતિ છે,

જો પર્યાવરણને નહિ બચાવીએ,
તો ચારેકોર વિનાશની જ પ્રતિકૃતિ છે,
સમય હજી પણ હાથમાં છે,
પ્રગતિની આડમાં પ્રકૃતિ બચાવવી સાચી જનજાગૃતિ છે,

વૃક્ષો વાવીને ધરતીને લીલીછમ બનાવવી,
એ જ સાચા સ્નેહની આકૃતિ છે,
ચાલો સૌ સાથ મળીને સંકલ્પ કરીએ,
પ્રકૃતિમાં જ સાચી જીવનશક્તિ છે,

' ચંદ્ર' સૂર્યનાં ઉદય અસ્ત વચ્ચે જગની એ જ રોશન પ્રકૃતિ છે,
બચાવી વૃક્ષો વાવો નિત નવા આવશે તો જ વરસાદ એજ સાચી અભિવ્યક્તિ છે.

'ચંદ્ર'કાન્ત હરિલાલ માઢક (રાજકોટ)
★★★★★★
NO?G SS NO- 382
વિષય-પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
રચના : પદ્ય શબ્દ- ૭૮
શીર્ષક-વિવેક શૂન્ય પ્રગતિનાં ફળ તો
૫.
?વિવેક શૂન્ય પ્રગતિનાં ફળ તો
હોય સદા રે બહું ખાટાં
પર્યાવરણનું થાય અસમતોલન
ભાવિ પેઢીને પૂઠે પાટાં

કમોસમી થઈ રુઠે દાતાર મેઘલો
ઉપજાઉં ધરતી થાતી બંજર
ભળે ધૂમ્ર રસાયણો જઈ અંબર
દૂષિત જલધારા જાણે ખંજર

?પાતાળો ભેદી, ઉલેચ્યાં બળતણ
પોલાણે વધતાં ધરણી કંપન
લૂંટાયા આશરા વનચરના વગડે
ઘૂરકે અલનીનો સાગરે વેરણ

હિમ ગ્લેશિયર થાય અલોપા ધ્રુવ છેડે રે ચેતો
જલસ્તર વધશે ને સાગરે ડૂબશે નગર ને ખેતો.

રમેશ પટેલ'' આકાશદીપ''
★★★સ્ત્રી★★
NOG SS 223
વિષયઃપ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃતો શું થશે?
પ્રકારઃપદ્ય
શબ્દ સંખ્યાઃ૧૨૯

વૃક્ષની ડાળે બેસી એને જ કાપીએ તો પ્રકૃતિ નું શું થશે?
જે હવા આપે પ્રાણવાયુ તેને જ કરો ઝેરી તો જીવનનું શું થશે?

લોકમાતા નદીઓના વહેતાં નિર્મળજળ કરો મેલા તો શું થશે?
સાત સાત સાગરોમાં કુડ પ્લાસ્ટિક કચરા ભરો તો મેઘનું શું થશે?

ધરતી તો માતા વાવો કણ આપે મણ પણ જંતુનાશક દવાથી ઝેર તેનું શું થશે?
પહાડો વૃક્ષો નહિ હોય પછી પંખીના માળા પ્રકૃતિના ગાનનું શું થશે?

સતત યુદ્ધો મિસાઈલો ઝેરી ગેસ પછી આકાશ નું શું થશે?
બહુમાળી ઈમારતોની પ્રગતિ રાતો-રાત થશે પણ વૃક્ષો જંગલ રાતો-રાત થઈ જશે?

વિચારો કે વૃક્ષો-વનો પશુ-પંખીઓ નદી-પર્વતો નહિ રહે તો શું થશે?
આજે તમારી પ્રગતિ ક્ષણિક સ્વાર્થ માટે પ્રકૃતિ પતન ભાવિ પેઢી નું શું થશે?

તમારા પૌત્રો જ સદીનાઅંતે લખશે તમારો કાળો ઈતિહાસ,
કહેશે મહાબુદ્ધિમાનો વડવાઓ પ્રગતિશીલ કરી ગયા મહાવિનાશ.

ચેતી શકો તો ચેતજો ભ્રામક પ્રગતિ કરે પ્રકૃતિ સંગ સર્વ વિનાશ,
પ્રકૃતિ પરમઅસ્તિત્વ કરીએ તેને પ્રેમ પ્રકૃતિથી પામીએ દેવેશ સર્વેશ.

-દેવેન્દ્ર આચાર્ય (અમદાવાદ)
★★★★★★★
NOGSS NO: 352
વિષય : પ્રકૃતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : વિકાસ કે વિનાશ?
પ્રકાર : અછાંદસ - શબ્દો : ૧૪૨

પ્રકૃતિની આડમાં પ્રકૃતિનું પતન

એણે કહ્યું,
ચાલો, પ્રકૃતિના ખોળે જઈએ,
અને
પ્રકૃતિના ખોળા માટે જ
એણે પ્રકૃતિનો ખોળો ઉજાડી નાખ્યો.

પહાડની છાતી પર એણે રિસોર્ટનું નામ લખ્યું -
'ગ્રીન વેલી'
અને ગ્રીનને ભૂંસવા માટે જ
વેલીના હૃદયમાંથી લીલુંછમ ઉખાડી નાખ્યું.

એ વૃક્ષો વાવે છે,
ફોટા પડાવવા માટે,
અને વૃક્ષો કાપે છે,
રસ્તા બનાવવા માટે.
એક જ હાથે રોપે છે અને બીજા હાથે છેદે છે,
ને પછી બંને હાથ જોડીને પ્રાર્થના કરે છે -
વરસાદ માટે.

નદીને એ પ્રેમ કરે છે,
એટલે એને બોટલમાં પૂરે છે,
ઝરણાને એ સાચવે છે,
એટલે એની આસપાસ દીવાલ ચણે છે.
પંખીને સાંભળવા માટે
એ લાઉડ સ્પીકર લગાવે છે,
અને પંખીના અવાજમાં જ
પંખીનો અવાજ ખોવાઈ જાય છે.

અમે પ્રકૃતિને બચાવવા નીકળ્યા છીએ,
એવા બોર્ડ લગાવીને
અમે પ્રકૃતિને જ ભૂંસી રહ્યા છીએ.

આ વિકાસ નથી,
આ પ્રકૃતિની આડમાં
પ્રકૃતિની
ધીમી આત્મહત્યા છે.

શોભના ભટ્ટ
★સ્ત્રી★★★★★
NOG SS No - 195
વિષયઃ - પ્રગતિ ની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ પતન શું કામ કરે છે
પ્રકારઃ પદ્ય
શબ્દોઃ ૮૧

કરવું હોય કર જતન, પતન શું કામ કરે છે?
પ્રગતિના પંથે પ્રકૃતિને ખતમ શું કામ કરે છે?

વૃક્ષ ને વનસ્પતિ તારા વિકાસને નથી વઢતાં
સૌદર્ય સાચવ સૃષ્ટિનું સિતમ શું કામ કરે છે?

વિકાસના જ નામે તું રકાસ કરતો જાય છે,
વન વાઢીને હૃદય સંગાથે રમત શું કામ કરે છે?

ઘર બનાવવા ઉજ્જડ કર્યા ગૌચર ને ગામડાં,
ગંભીર થા ગગન સાથે ગમ્મત શું કામ કરે છે?

પ્રગતિના નામે તું ક્યાંક પૂરો થઈ જઈશ પામર,
લાજ લૂંટવા લક્ષ્મીપતીની લંપટ શું કામ કરે છે.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

એમાં વાંક કોનો ?...આ આજના મધ્યમવર્ગની સાચી પરિસ્થિતિ

અમદાવાદ : રાત્રે ઉગ્ર બોલા ચાલી પછી...મારી પત્ની જોડે ....

સવારે...છ વાગે ઉઠનારી...આજે મોડે સુધી....સૂતી રહી..
સવારે ઉઠી ...મને જય અંબે કહે ના ત્યાં સુધી..મારી સવાર ના પડે..
તેનો મધુર ટહુકો મારા એ આખા દિવસનું પ્રેરક બળ બની રહે ..

એ આજે એ સૂતી હતી....
તેના નિર્દોષ ચેહરો જોઈ મારી આંખ પણ ભીની થઇ ગઇ..

આ મદી.. મોંઘવારી..કેટલાય મધ્યમ વર્ગીય પરિવાર ના સ્વપ્નાંઓ ને તોડી નાખતી હશે....

આજનો કપરો સમય ભલભલાની ઊંઘ ઉડાડી દીધી છે
આગલે દિવસે..રાત્રે...અમે જમવા બેઠા હતા...

મારી પત્ની નીચું માથું કરી જમતી રહી...મેં કીધું.. હું તારી સાથે વાત કરૂં છું....

એને કોઈ જ જવાબ ન આપતા....

હું ભરેલી થાળી ઊપર થી ઉભો થઈ ગયો....મારા પુત્ર

રાજુ એ કીધુ..પપ્પા..દાદી કહેતા..અન્ન નું અપમાન ના કરાય..તમે જમી લ્યો..
મારી પત્ની.મારો ગુસ્સો શાંત થાય તેંની રાહ જોયા પછી..રૂમ માં આવી....
મેં કીધું.. તારૂં આજ નું આ વર્તન મને યોગ્ય ન લાગ્યું...
રૂપિયા..રૂપિયા. ક્રૂજતા અવાજે બોલી.. મેં કીધું તારી પાસે છે કે નહી....?
એમ કહી એની ઉપર ગુસ્સો કર્યો
ભીની આખે બોલી..સાંભળો..રૂપિયા મારે ગળે બાંધી ને નથી જવું.
નથી.મેં મારા મોજ શોખ માટે તમારી પાસે માગ્યા...હું ફક્ત ઘર ખર્ચ માટે તમને યાદ કરૂ છું...

હું એક રૂપિયો પણ તમારી પાસે નહીં માંગુ..તમે ઘર ચલાવજો....
હા તમને યાદ કરાવી દઉં.. તમે છેલ્લા ત્રણ મહિના થી ઘર ખર્ચ માટે રૂપિયો આપ્યો નથી....

આટલું બોલી.. એ દુઃખી હૃદયે સુઈ ગઈ .મને પણ થયું..
આમા એનો વાંક ક્યાં છે ?
મારો પણ વાંક નથી..હું પણ કોઈ મોજ શોખ કે વ્યસન પાછળ રૂપિયા ઉડાવતો નથી..

કંપની એ ત્રણ મહિનાથી પગાર નથી આપ્યો....મારે રૂપિયા લાવવા ક્યાંથી..એ વિચાર ની ગડમથલ સાથે સવાર પડી ગઈ
મારી પત્ની ના માથે હાથ ફેરવી મેં કીધું સોરી ડાર્લિંગ...
ઉઠ...ચા મુકવી નથી ?
આંખ બંધ રાખી બોલી... દૂધવાળો આજ થી નથી આવવાનો. ..જૂનો હિસાબ પૂરો કરો પછી આવીશ..એવું કહી ને ગયો છે...
રોકડે થી દૂધ લઈ આવો..એટલે ચા બનાવું...
હું હસતા હસતા બોલ્યો હા દૂધ લઈ આવું..તું ઉઠ તૈયારી કર...
હું દૂધ લઈ આવ્યો....
અરે... આજે છાપું નથી આવ્યું..?
હું માથે હાથ દઈ સોફા ઉપર બેઠો...
મારા જેવા કેટલા કઈ હજારો કુટુંબો છે જેને સવાર અને સાંજનો રોટલો પણ મળવો મુશ્કેલ છે
આ મંદિ ના વમળમાં
મારૂં રાજુ સામે ધ્યાન ગયું તે સ્કૂલ ડ્રેસ માં સ્કૂલવાન ની રાહ જોઈ બેઠો હતો...
મેં કીધું.. ફોન કર વાન હજુ લેવા કેમ નથી આવી..?

મારી પત્ની ચા બનાવતા બોલી..એ નહીં આવે..તમારે મુકવા જવું પડશે...

હું અકળાઈને બોલ્યો ..જુના ચૂકતે થાય પછી આવશે એમજ..તારૂ કેહવું છે ને...
.. હા.....
મેં રાજુ.ને કીધુ....ચલ બેટા.. હું મૂકી જાઉ..
હું રાજુ ને મૂકી પાછો ફરતા...રૂપિયા ની વ્યવસ્થા ના વિચારો સાથે આવતો હતો..
હું ઘરે સીધો બેડરૂમ મા ગયો.....ત્યાં મારી પત્ની રૂમ મા આવી..મને ભેટી પડી...મારા હાથ માં એક તોલા ની સોનાની લગડી મુક્તા બોલી.
મને માફ કર.. ત્રણ મહિના તો મેં મારી બચત માંથી નાના મોટા ખર્ચ કાઢ્યા...પછી હું હિમ્મત હારી ગઈ..
આ સોનાનો લગડી વેચી ને ૪૦૦૦૦ રૂપિયા.. રોકડા કરી લઈએ..જેથી મુસીબત ના દિવસો પસાર થઈ જાય..
પરિવાર ને જરૂર હોય ત્યારે લોકર માં પડેલ સંપત્તિ ની મારી નજરે કોઈ કિંમત નથી...
બસ .વધારે બોલી મને દુઃખી ન કરીશ
નથી તારો વાંક નથી મારો...વાંક..
આપણે સંજોગો ના ગુલામ છીયે....સંજોગો વિપરીત હોય ત્યારે ગેરસમજ નું પ્રમાણ વધી જાય છે..મને માફ કર.....
મારી ઑફિસ માં ત્રણ મહિના થી પગાર નથી થયો તેથી હું પણ અકળાઈ ને તને ગમે તેવા શબ્દો બોલી ગયો. મને માફ કર.....
મેં મારી પત્ની સામે જોયું... અને બોલ્યો લે આ સોનાની લગડી... ગાંડી ...દિલ થી તારા જન્મદિવસે આપેલ છે....
મારો ભગવાન એટલો બધો નિર્દય નથી...પાછી જ્યાં હતી ત્યાં તેને મૂકી દે....

મેં એના માથે હાથ મૂકી કીધુ
ડાલ્લગ..એક વખત હસી ને જય જિનેન્દ્ર બોલીદે...
ભીની આખે બોલી..જયજિનેન્દ્ર
"કલ્પના સુંદર હોય છે..પણ જીવી શકાતી નથી...
વાસ્તવિકતા કડવી હોય છે પણ મારી શકાતી નથી.."
... મારી પત્ની ને કીધું
જ્યારે વર્તમાન સ્થિતિ તમને બચત કરવા અસમર્થ બનાવી દે...
અને ભવિષ્ય માટે રાખેલ બચત તમને વાપરવા મજબુર કરે....ત્યારે સમજી લ્યો બેકારી કે મોંઘવારી રૂપી અજગર ના... ભરડા ના તમે શિકાર બન્યા છો..
મિત્રો
શું ખોઈ બેઠા તેનું નામ જીવન નથી....પણ શું મેળવો છો એમાં જ જીવન છે.જીવન બીજું કઈ નથી..આશા..નિરાશા..વચ્ચે ની સફર છે.... સુખદુઃખ માં જે સાથે ચાલે તે જ તમારો સાચો હમસફર છે..-વસંત મહેતા (દાદુ)

જામનગરમાં જૂના મકાનની જર્જરિત દિવાલ ધરાશાયીઃ કાટમાળ નીચે દટાયેલા ૩ માંથી ૧ વ્યક્તિનું કરુણ મોત, ૨ ઈજાગ્રસ્ત

જામનગરના મહાવીર સોસાયટીમાં ગીતા મંદિર પાસે શુક્રવારે જૂના મકાનની જર્જરિત દિવાલ ધરાશાયી થઈ હતી. કામ કરી રહેલા ૩ શ્રમિકો કાટમાળ નીચે દટાયા હતા, જેમાં ગંભીર રીતે ઘવાયેલા સુનીલનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. અન્ય ૨ શ્રમિકો કારુ અને જતીન ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર શહેરના મહાવીર સોસાયટી વિસ્તારમાં ગીતા મંદિર પાસે શુક્રવારે(૩૦ ઓક્ટોબર) જૂના મકાનની જર્જરિત દિવાલનો ભાગ તૂટી પડતાં દુર્ઘટના સર્જાઈ હતી. બનાવ સમયે ત્યાં કામ કરી રહેલા ત્રણ શ્રમિકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા પરપ્રાંતિય શ્રમિક સુનીલનું મૃત્યુ નીપજતાં શ્રમિક પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહાવીર સોસાયટી વિસ્તારમાં ગીતા મંદિર પાસે જયુ દાસાણી નામના વ્યક્તિના મકાનમાં જૂની દિવાલ પાડવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન અચાનક જર્જરિત દિવાલનો ભાગ ધરાશાયી થતાં ત્યાં કામ કરી રહેલા સુનીલ, કારુ અને જતીન ચૌહાણ કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

બનાવની જાણ થતાં જામનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી ત્રણેય શ્રમિકોને કાટમાળમાંથી બહાર કાઢ્યા હતા. ત્રણેયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં સુનીલની હાલત અત્યંત ગંભીર હતી અને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ તેનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે કારુ અને જતીનને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મૃતક સુનીલ તથા ઈજાગ્રસ્ત કારુ મૂળ મધ્ય પ્રદેશના વતની હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવની જાણ થતાં સિટી 'બી' ડિવિઝન પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ભારતના લોખંડી પુરુષની ૧૫૧મી જન્મ જયંતી ઉજવાઈ



ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સમર્પણ મૂલ્યપ્રવાહ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે ડૉ. હેમંતભાઈ વૈષ્ણવ, ડૉ. કૃષ્ણવીરસિંહ ઝાલા અને નટવરસિંહ ભાટી દ્વારા ભારત રત્ન લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી, ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાઓના સમન્વયને કારણે વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર હોવાથી મોટી સંખ્યામાં વિધાર્થી ભાઈઓ બહેનોએ પુષ્પાંજલીના આ કાર્યક્રમનો લાભ ઉઠાવ્યો હતો અને રાષ્ટ્રની અખંડિતતા માટે સોગંધ લીધા હતા.

બગવાડા દરવાજા પાસે અડચણરૂપ દબાણો દૂર કરીને સાધનો જપ્ત કર્યા:ચેતવણી આપ્યા બાદ પણ જગ્યા ન છોડતાં કાર્યવાહીમાં ઘર્ષણ

પાટણના બગવાડા દરવાજા પાસે પાલિકાની ટીમે અડચણરૂપ દબાણો દૂર કરવા કડક ઝુંબેશ હાથ ધરી હતી. માઈકથી એક કલાક અગાઉ ચેતવણી આપવા છતાં જગ્યા ન ખાલી કરતાં ઘર્ષણ વચ્ચે છત્રીઓ અને સાધન સામગ્રી જપ્ત કરી દંડાત્મક કાર્યવાહી કરાઈ હતી. પાટણ શહેરના વ્યસ્ત ગણાતા બગવાડા દરવાજા વિસ્તારમાં ગુરુવારે સાંજે પાલિકાની ટીમે અચાનક દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરીને કડક કાર્યવાહી કરી હતી.સ્વચ્છતા માર્શલ અધિકારી નાગજીભાઈ દેસાઈ, વોર્ડ ઈન્સ્પેક્ટર તેમજ પાલિકાની ટીમ દ્વારા રસ્તા પર ગેરકાયદેસર રીતે અડિંગો જમાવીને બેઠેલા છૂટક વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી.આ કાર્યવાહી દરમિયાન રસ્તા પર ઊભેલા છૂટક ફૂલના વેપારીઓ, સાવરણી-વાસંઘીના વેપારીઓ તેમજ લોખંડની તવી જેવા સાધનોનો વેપાર કરતા દબાણકારોને દૂર કરાયા હતા.

અધિકારીઓ એ જણાવ્યું હતું કે ડ્રાઈવ શરૂ કરતા પહેલા માઈક એનાઉન્સમેન્ટ મારફતે તમામ દબાણકારોને એક કલાક અગાઉ જગ્યા ખાલી કરવા માટે વોર્નિંગ આપવામાં આવી હતી.

તેમ છતાં દબાણકારોએ જગ્યા ખાલી ન કરતાં પાલિકાની ટીમે દંડાત્મક પગલાં ભર્યાં હતાં. કાર્યવાહી દરમિયાન કેટલાક દબાણકારોએ ટીમ સાથે બોલાચાલી કરી તકરાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પાલિકાના અધિકારીઓએ કડક વલણ અપનાવી દબાણકારોની છત્રીઓ, સ્ટેન્ડ અને અન્ય સાધન સામગ્રી સહિતનો તમામ સામાન જપ્ત કરીને ગાડીમાં ભરી લીધો હતો.

તહેવારો નજીક આવતા

મીઠાઈ અને ફરસાણના વેચાણમાં વધારો, ત્યારે ભેળસેળ કરનારાઓને ખુલ્લો દોર?'



ધોરાજી:

દિવાળી અને તહેવારોની સીઝન નજીક આવતા ધોરાજી શહેરમાં મીઠાઈ અને ફરસાણનાં વેચાણ માં નોંધપાત્ર વધારો થયો છે. શહેરનાં બજારો ખરીદદારોથી ધમધમી રહ્યા છે, પરંતુ આ તેજીની વચ્ચે મીઠાઈ અને ફરસાણમાં ભેળસેળ થઈ રહી હોવાની આશંકાએ જનતામાં ચિંતા વધારી છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, તહેવારોના સમયે ભેળસેળ કરનારા તત્વોને જાણે ખુલ્લો દોર મળી ગયો છે.

નાગરિકોનું કહેવું છે કે ફૂડ સેફટી વિભાગ દ્વારા ધોરાજીમાં અત્યાર સુધીમાં મીઠાઈ-ફરસાણના નમૂના લેવાની કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે વેપારીઓ બેફામ બનીને ગુણવત્તા વિનાની ચીજો વેચી રહ્યા હોવાનો આક્ષેપ ઉઠી રહ્યો છે. 'તહેવારોમાં ખાસ ચકાસણી થવી જોઈએ, પણ આ વખતે વિભાગનું કોઈ અભિયાન દેખાયું નથી,' એમ એક સ્થાનિક વેપારીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું.

જનતામાં રોષ, આરોગ્યની ચિંતા

ચકલે-ચોરે હવે આ મુદ્દે ચર્ચા જોર પકડી રહી છે. સોશિયલ મીડિયા પર પણ નાગરિકો ફૂડ સેફટી વિભાગની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠાવી રહ્યા છે. ગ્રાહકોને ભય છે કે નબળી ગુણવત્તાના ઘી, રંગીન મીઠાઈ અને બિનઆરોગ્યપ્રદ તેલથી બનેલ ફરસાણથી જાહેર આરોગ્યને જોખમ ઊભું થઈ શઈ છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે આ જોખમી સાબિત થઈ શકે છે.સ્થાનિક રહીશ પ્રકાશભાઈ સોલંકીએ જણાવ્યું કે, 'અમે નિયમિત રીતે આ જ દુકાનોમાંથી સામાન લઈએ છીએ. પરંતુ હવે શંકા થાય છે કે સામાન શુદ્ધ છે કે નહીં તેની તપાસ કોઈ કરી રહ્યું નથી. તંત્રએ તાત્કાલિક નમૂના લઈને લેબમાં ચકાસણી કરવી જોઈએ.×

નહીં તેની તપાસ કોઈ કરી રહ્યું નથી. તંત્રએ તાત્કાલિક નમૂના લઈને લેબમાં ચકાસણી કરવી જોઈએ.'

કડક તપાસ અને કાર્યવાહીની માગ

નાગરિકો અને આરોગ્ય જાગૃતતા કાર્યકર્તાઓએ વહીવટી તંત્ર પાસે તાત્કાલિક તપાસ અભિયાન શરૂ કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે તહેવારો પહેરીને સઘન ચકાસણી હાથી, સંદિગ્ધ દુકાનોમાંથી -૧ લઈ કડક કાર્યવાહી કરવામાં આવે જેથી જાહેર આરોગ્યનું રક્ષણ થઈ શકે.

સામાજિક સંગઠનોએ પણ કલેક્ટર અને આરોગ્ય વિભાગને આવેદનપત્ર આપીને તાત્કાલિક પગલા લેવા રજૂઆત કરી છે. હવે તંત્ર આ બાબતે શું પગલું લે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

આદિવાસી સાંસ્કૃતિક ભવન, આહવા ખાતે 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ યોજાયો




ડાંગ આહવા : તા : ૩૦: ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા અને કૃષિ ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુથી 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના' અંતર્ગત 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ (સ્જીસ્ઈ), મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તેમજ ડાંગના પ્રભારી મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે યોજાયો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લાના ભીલડી ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો, જ્યાંથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૪મો હપ્તો ડિજિટલ માધ્યમથી રીલીઝ કરવામાં આવ્યો હતો. ડાંગ જિલ્લામાં જિલ્લા કક્ષા ઉપરાંત ૧૮ જિલ્લા પંચાયત બેઠક દીઠ કુલ બે કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ નિહાળ્યું હતું અને વડાપ્રધાનશ્રીનું પ્રેરક સંબોધન સાંભળ્યું હતું.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાતમાં બહુઆયામી વિકાસને વેગ આપતું આગવું કદમ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ



ગુજરાત સરકાર યુવા પ્રતિભાઓને આવકારે છે



રાજ્ય વહીવટી તંત્રને તેજસ્વી યુવાઓના નવીન વિચારોની ઊર્જાથી મળશે વેગ

પ્રોજેક્ટ
- સીએમ ફેલો નવીન વિચારો અને આગવા કૌશલ્યથી પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપશે

ઉમેદવારોની પસંદગી
- ૬૦% કે તેથી વધુ પરિણામ સાથે સ્નાતક થયેલા, ૩૫ વર્ષથી ઓછી વયના તેમજ ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારોને તક
- સિલેકશન કમિટી કરશે સીએમ ફેલોની પસંદગી
- કમિટીના એક્સપર્ટ પેનલિસ્ટ તરીકે હશે નૉલેજ પાર્ટનરના નિષ્ણાત

તાલીમ
- સીએમ ફેલોને ગુજરાત સરકાર અને નૉલેજ પાર્ટનર દ્વારા મળશે તાલીમ
- રાજ્ય સરકારના સંબંધિત વિભાગમાં બે સપ્તાહની તાલીમ

મુખ્ય વિશેષતાઓ
- પ્રતિમાસ ₹૧ લાખ સ્ટાઇપેન્ડ + ₹૧૦ હજાર (એલ.ટી.એ.)
- ફેલોશીપની અવધિ ૧ વર્ષની રહેશે (મૂલ્યાંકન તથા પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ સુધીની અવધિ વધારી શકાશે)
- ફેલોશીપની સફળ પૂર્ણાહુતિ બાદ ગુજરાત સરકાર અને નૉલેજ પાર્ટનરનું સંયુક્ત સર્ટિફિકેટ

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ પ્રોગ્રામમાં
જોડાઈ સક્રિય સહભાગિતા સાથે ગુજરાતના વિકાસમાં યોગદાન આપીએ

અરજી માટેની સમયમર્યાદા
તારીખઃ ૧ નવેમ્બર, ૨૦૨૬ થી
૧૫ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી

ઓનલાઈન અરજી કરવા માટે
https://spggcmf.gujarat.gov.in
https://ojas.gujarat.gov.in

હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકારનો યુવાઓને આવકાર, કરો વિકાસના સપનાં સાકાર

"અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ એટલે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'"
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat